ગરીબો માટે નિસ્બત એ પણ આધ્યાત્મિકતાનું એક સ્વરૂપ છે
- સંત રોબિન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૦ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪, સોમવાર; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં ધોધમાર વરસાદ

## ગાજવીજ સાથે વરસાદ પડતા અષાઢી માહોલ સર્જાયો હતો : નગરના નીચાણવાળા ભાગોમાં અને માર્ગો પર પાણી-પાણી થઈ ગયું : દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં રવિવારની મોડી સાંજે ધોધમાર વરસાદ થતાં સમગ્ર નગરમાં જળબંબાકાર થયો હતો. ગાજવીજ સાથે આક્રમક શૈલીમાં વરસાદ પડતા અડધો - પોણો કલાક તો આભ ફાટ્યાનો અહેસાસ થતો હતો. વિજળીના ચમકારા અને મેઘગર્જનાથી સમગ્ર વાતાવરણમાં અષાઢી માહોલ છવાયો હતો. એક કલાકના ગાળામાં નગરના નીચાણવાળા ભાગો છલકાઈ ઉઠ્યા હતા. ગઈકાલે ૫૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે આજે પણ બેથી અઢી ઈંચ વરસાદ પડ્યાનો અંદાજ છે.

ગાંધીનગરમાં મેઘરાજાની પુનઃ પધરામણી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. છેલ્લા ઘણા દિવસથી પડી રહેલી આકરી ગરમી બાદ ધોધમાર કહી શકાય તેવો વરસાદ પડતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ગણેશોત્સવના પંડાલોમાં પાણી ભરાતા ઘણા સ્થળોએ મોડી રાત્રે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ રાખવાની ફરજ પડી હતી.

આ વર્ષે વરસાદ ખુબ અનિયમિત રહ્યો હતો. અષાઢ લગભગ કોરો કહી શકાય તેવો નિકળ્યા બાદ શ્રાવણ માસની શરૂઆતમાં સારો વરસાદ પડ્યો હતો. ત્યારબાદ છેલ્લા ઘણા દિવસોથી વરસાદ સાવ બંધ થઈ ગયો હતો. આકાશમાં ક્યાંય વાદળોનું નામોનિશાન દેખાતુ ન હતુ. વરસાદ બાદ ચોખ્ખા થયેલા આકાશમાંથી અગનજ્વાળા વરસતી હોય તેવો આકરો તડકો

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

## આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં સારો વરસાદ થવાની આગાહી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન સારો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત ઉપર અને આસપાસમાં બે સિસ્ટમ ઉભી થવા પામી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ પશ્ચિમ મધ્યપ્રદેશમાં અપર એર સાયક્લોનીક સરક્યુલેશન સિસ્ટમ બની છે.

આ સિસ્ટમને કારણે આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સારો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ઘણા સ્થળોએ મધ્યમથી ભારે વરસાદ થવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત ઉપર અપર એર સાયક્લોનીક સિસ્ટમ ઉભી થતાં રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે અને છેલ્લા બે દિવસથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં સામાન્ય થી ભારે વરસાદ થવા પામ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

# વરસાદી માહોલની જમાવટથી વાતાવરણ બદલાયુ

### ખેતર છલક્યાં, મન મલક્યાં, ઉકલ્યા બધા ઉખાણાં...

ગાંધીનગર, તા. ૩૧

લાંબા વિરામ બાદ સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામતો જાય છે. ગઈકાલે એક જ રાતમાં જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે ખેતરો મલકાયા છે તો ગામોના તળાવોમાં પણ પાણીની નવી આવક થવા પામી છે.

જિલ્લાભરમાં ગઈકાલે રાત્રે થયેલા વરસાદે જિલ્લાના વાતાવરણમાં ભારે બદલાવ લાવી દીધો છે. ગરમીમાં પણ લોકો રાહત અનુભવવા લાગ્યા છે. સમગ્ર વાતાવરણમાં ભેજનું પ્રમાણ અને જમીનમાં પણ ભેજનું પ્રમાણ વધતાં તેની સીધી અસરો પાકના ઉગાવા પર થશે.

સરેરાશ દોઢ થી બે ઈંચ સુધીનો વરસાદ સમગ્ર જિલ્લામાં નોંધાયો છે. આ સિઝનનો વરસાદ ૫૫ ટકા જેટલો થવા જાય છે. વરસાદના આ બીજા રાઉન્ડમાં સારૂ એવું પાણી આવતાં ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પાણીની નવી આવક થઈ છે તેમજ કુવાઓ અને ભૂગર્ભ જળની સપાટીમાં પણ નજીવો સુધારો જોવા મળી રહ્યો છે.

વરસાદી માહોલ જામતાં ખેડૂતો પણ ખુશી વ્યક્ત કરી રહ્યા છે. વરસાદના સમયસર આગમનને પગલે ખેતીને સારો ફાયદો થશે. ભેજનું તત્વ પણ વધવા પામ્યું છે અને જેનો સીધો ફાયદો પાકના ઉગાવાને થશે. વરસાદી માહોલ જામતાં ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ઉભુ થવા પામ્યું છે.

મળતા અહેવાલો પ્રમાણે ગઈકાલે રાત્રે દહેગામમાં ૪૬, ગાંધીનગરમાં ૪૬ મી.મી. તેમજ માણસા અને કલોલમાં પણ ૪૦ અને ૪૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પામીની જળસપાટી વધવા પામી છે. જો કે ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા હોવાથી ગંદકીનું પ્રમાણ વધ્યું છે.

## રાજ્યમાં ફરી ચોમાસુ સક્રિય

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા છુટાછવાયા વરસાદને કારણે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. ગુજરાત ઉપર સિસ્ટમ ઉભી થતાં ચોમાસુ ફરી સક્રિય થવા પામ્યું છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે સવારે વરસાદ થયા બાદ મોડી રાત્રે પણ ગાંધીનગરમાં મુશળધાર વરસાદ થવા પામ્યો હતો.

ગાંધીનગર ઉપરાંત રાજ્યના કેટલાક વિસ્તારોમાં પણ છેલ્લા બે દિવસ દરમિયાન છુટોછવાયો વરસાદ નોંધાયો છે. આજે દિવસ દરમિયાન પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ નોંધાવાના અહેવાલો સાંપડ્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે રાજ્યમાં ચોમાસુ મોડુ શરૂ થયું હતું. અને શરૂઆતના તબક્કામાં પાછોતરો વરસાદ થયો હતો જો કે પાછળથી સારો વરસાદ થતાં રાજ્યમાં આ વર્ષે આ સમયગાળા દરમિયાન આજ સુધીમાં સરેરાશ વરસાદ સામે અંદાજે ૬૨ ટકા જેટલો વરસાદ નોંધાઈ જવા પામ્યો છે.

જો કે રાજ્યના બે થી ચાર તાલુકાઓ હજુ પણ એવા છે જ્યાં ૧૦૦ મી.મી. જેટલો વરસાદ ન થતાં આ તાલુકાઓમાં અર્ધઅછતની સ્થિતિ સર્જાઈ છે.

રાજ્યમાં હજુ પણ વરસાદ થવાની સંભાવના હોઈ રાજ્યના સરેરાશ વરસાદની ટકાવારી વધે તેવી સંભાવના છે.



સાબરમતીમાં પાણી - રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને પગલે સાબરમતી નદીમાં રવિવારે પાણી દેખાયું... કેવી કરૂણ ઘટના છે, કે નદીમાં પાણી આવ્યું એ સમાચાર બને... બારે માસ છલકાતી સાબરમતીમાં હવે ક્યારેક ક્યારેક પાણી જોવા મળે છે... ભગવાનને પ્રાર્થના કરીએ કે સાબરમૈયા બે કાંઠે વહે... અને આસપાસના વિસ્તારને લીલોછમ બનાવે.... (તસવીર : કશ્યપ નિમાવત)

### પ્રધાનમંત્રી જન ધન યોજનાના કોલાહલ વચ્ચે

## જિલ્લાના ૧૧ હજારથી વધુ બાળકોના હજુ બેંક ખાતાં ખુલ્યા જ નથી

ગાંધીનગર, તા.૩૧

શિષ્યવૃત્તિ માટે ગાંધીનગર જિલ્લામાં ૧૧,૨૧૮ બાળકોના બેંક એકાઉન્ટસ ખોલવાના બાકી હોવાની ચોંકાવનારી હકીકત જિલ્લા પંચાયતની સામાન્યસભા દરમિયાન બહાર આવવા પામી છે.

એક બાજુ પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત બેંકમાં ખાતા ખોલવાની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે પ્રા. શાળાના બાળકોની શિષ્યવૃત્તિ માટે આટલી મોટી સંખ્યામાં આ ખાતાં ખોલવાના બાકી છે.

શિક્ષણ વિભાગના સત્તાવાર સૂત્રો એવું કહી રહ્યા છે કે નવા પ્રવેશ પામેલા બાળકોના ખાતાં ખોલવાના બાકી છે. સૌથી વધુ દહેગામ તાલુકામાં ખાતાં ખોલવાના બાકી છે. અહીં ૪૧૧૮ બાળકો બેંક ખાતા વિહોણા છે. આ પછી ગાંધીનગર જયાં ૩૮૦૯ કલોલમાં ૧૯૯૦ અને માણસામાં ૧૩૦૧ બેંક ખાલા ખોલવાના બાકી છે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાંની પ્રા. શાળાઓમાં અભ્યાસ કરતા ૧,૨૪,૦૧૯ વિદ્યાર્થીઓ પૈકી શિષ્યવૃત્તિ માટે ૧,૧૨,૮૦૧ બાળકોના ખાતાં ખોલી દેવામાં આવ્યા છે.

બેંકોમાં ખાતાં બાળકોના ખોલાવા માટે વાલીઓ દ્વારા આધાર પુરાવા અધુરા રજુ થયા હોવાથી આ કામગીરીમાં વિલંબ થયાનું પણ શિક્ષણ વિભાગના સૂત્રો કહી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમની ૩૪૨ જગ્યાઓ ખાલી પડી છે

### નાયબ ચિટનીશ, નાયબ હિસાબનીશ, કેળવણી નિરીક્ષક સહિતની જગ્યાઓ ખાલી પડી છે : કૃષિ વિકાસ વર્ષમાં સેવકોની જગ્યાઓ જ ખાલી પડી છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓમાં મંજૂર થયેલ મહેકમ સામે ૩૪૨ જેટલી જગ્યાઓ ખાલી રહેતાં તેની વહીવટીતંત્ર પર વિપરીત અસરો પડી રહી છે.

જિલ્લા પંચાયતમાં જિલ્લાના વિસ્તાર પછી મહેકમ રિવ્યુ જે થવો જોઈએ તે થયો નથી તે પણ હકીકત વચ્ચે આટલી મોટી સંખ્યાની ઘટ એ કામગીરી પર વિપરીત અસરો ઉભી કરે તે સ્વાભાવિક છે.

જિલ્લામાં તલાટીઓની ઘટ ઉપરાંત વહીવટની વિવિધ શાખાઓમાં પણ કર્મચારીઓની ઘટ ઘેરી બની છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતની મહેકમ ૧ ની ખાલી જગ્યાઓ ૫૬ છે જેમાં ૫૧ તલાટીની અને ૫ સર્કલ ઈન્સ્પેક્ટરોની જગ્યાનો સમાવેશ થાય છે. તો મહેકમ-૨ ની ૯૧ જગ્યાઓ ખાલી છે. જેમાં નાયબ ચીટનીસની ૧૦, જુ. ક્લાર્કની ૩૫, ડ્રાયવરની ૨૦ અને પટાવાળાની ૨૦ જગ્યાઓનો સમાવેશ થાય છે.

હિસાબી શાખામાં પણ ૩૧ જગ્યાઓ ખાલી પડી છે. જેમાં નાયબ હિસાબનીશની ૮ જગ્યા, સિની. એકા. ક્લાર્કની ૧૧ અને જુ. એકા. ક્લાર્કની ૧૨ જગ્યાનો સમાવેશ થાય છે. એક તરફ પંચાયતી રાજના વહીવટનો પારદર્શક બનાવવા માટેના સરકાર પ્રયાસો કરી રહી છે પરંતુ સ્ટાફના અભાવે આ કામગીરી પર સૌથી વધુ વિપરીત અસરો પડી રહી છે.


હિસાબી પદ્ધતિમાં બદલાવની વાતો માત્ર કાગળ પર જ રહી જવા પામી છે તેમજ આ જગ્યાઓ ખાલી રહેતાં સમયસર ચુકવણાંની કામગીરી પર અસરો પડી રહી છે.

આરોગ્ય શાખામાં પણ ૫૦ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. તો ખેતીવાડી શાખામાં ૫૯ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. રાજ્યમાં એક તરફ કૃષિ વિકાસ વર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે ગ્રામસેવક ખેતીની ૪૯ અને ગ્રામસેવક આઈઆરડીની ૯ જગ્યાઓ ખાલી પડી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓની મંજૂર થયેલ જગ્યાઓ ૧૪૦૭ છે જ્યારે તેની સામે ભરાયેલ જગ્યાઓ માત્ર ૧૦૬૫ છે. તાજેતરમાં ૪૧ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે અને હજુ ૩૪૨ જગ્યાઓ ખાલી રહેવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



જન્મ : ૧૯૨૭ | નિર્વાણ : ૩૦-૦૮-૧૪

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પિતા
**શ્રી બચુભાઈ મોહનલાલ વ્યાસ** (શ્રધ્ધા ગાર્મેન્ટસવાળા) નું
તા. ૩૦-૮-૨૦૧૪ના રોજ અવસાન થયેલ છે.
સ્વર્ગસ્થનું બેસણું નીચે જણાવેલા સમયે-સ્થળે રાખેલ છે.

તા. ૧-૯-૨૦૧૪, સોમવાર । સાંજે ૪.૩૦ થી ૬.૩૦
સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર.

જ્યોતિન્દ્ર વ્યાસ (પૂજા પાર્લર)
શરદ વ્યાસ (આકાશ બિલ્ડર્સ) | નીતુભાઈ વ્યાસ (ઓમ એન્ટરપ્રાઈઝ)
ભારતી નિખિલભાઈ ભટ્ટ | ભાવના ઉદયકુમાર ધોળકિયા


## ગુજરાત સરકારમાં ભરતી!

7500 - કોન્સ્ટેબલ / 876 - ASI

ફોર્મ ભરવાની છેલ્લી તા. 18-10-2014 થી 12-11-2014

PSI: પગાર ₹ 18,000/- (M), ₹ 16,000/- (F)

કોન્સ્ટેબલ/ASI: પગાર ₹ 14,000/- (M), ₹ 11,000/- (F)

નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શિક્ષણ (5 માસનો અભ્યાસ ક્રમ)

મહેસાણા શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| PSI | 11.09.2014 | બપોરના 4-00 થી 6-00 | સોમ થી મંગળ |
| કોન્સ્ટેબલ/ASI | 15.09.2014 | બપોરના 2-15 થી 3-45 | સોમ થી મંગળ |

ગાંધીનગર શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| કોન્સ્ટેબલ/ASI | 13.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ/રવિ |
| કોન્સ્ટેબલ/ASI | 24.09.2014 | બપોરના 2-30 થી 4-00 | સોમ થી શુક્ર |
| PSI | 12.09.2014 | સવારના 6-00 થી 8-00 | સોમ થી શુક્ર |
| PSI | 21.09.2014 | બપોરના 4-15 થી 6-15 | સોમ થી શુક્ર |

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)